**જન્મદિને વધામણી**



કેવલ ગજ્જર
એ.એફ.એસ. વોલેન્ટીયર
મો. ૮૮૬૬૦ ૦૯૫૮૯



વૈદેહી રીકીત સોની



નયનાબેન એ પટેલ
મો. ૯૬૨૪૦ ૧૯૭૦૧

### કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર દ્વારા નિર્મિત

# શ્રી ઉમિયા માતાજી મંદિરનો આજે પાટોત્સવ ઉજવાશે



ગાંધીનગર, તા. ૮

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર દ્વારા નિર્મિત શ્રી ઉમિયા માતાજી મંદિરનો ૧૪મો પાટોત્સવ મંગળવારે ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સમાજના પ્રમુખ ભરતભાઈ બી પટેલ અને મહામંત્રી ભોળાભાઈ આઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સૅક્ટર-૧૨ ખાતે સ્થિત શ્રી ઉમિયા માતાજી, ભગવાન શિવજી તથા રાધાકૃષ્ણ મંદિરનો પાટોત્સવ મંગળવાર, તા. ૯મી મેના રોજ ઉજવવામાં આવી રહ્યો છે. આ ઉજવણી અંતર્ગત સવારે ૮ કલાકે નવચંડી યજ્ઞ, ૧૧.૩૦ કલાકે યજમાનો દ્વારા પૂજન, બપોરે ૧૨.૩૯ કલાકે ધ્વજારોહણ તથા સાંજે ૫.૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. એ પછી સાંજે ૬ કલાકે ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ ઉજવણીમાં ટ્રસ્ટી મંડળ, કારોબારી, ઉમા સમાજ ભવન સમિતિ, ટેમ્પલ કમિટી, શિક્ષણ સમિતિ, ઉમા મહિલા વિકાસ મંડળ અને સમાજજનોનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. સૌ ભાવિકોને આ પાવન પ્રસંગે ઉપસ્થિત રહેવા સમાજ વતી તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

### ઉવારસદ ગામમાં સ્થિત

# યુનાઈટેડ સ્કૂલ ઑફ લૉ ખાતે કાનૂની શિબિર યોજાઈ



**લૉ કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા છેવાડાના લોકોને મફત કાનૂની સહાય કેવી રીતે પહોંચી શકે તે બાબતે વિસ્તૃત સમજ આપવામાં આવી**

ગાંધીનગર, તા. ૮

યુનાઈટેડ સ્કૂલ ઑફ લૉ, ઉવારસદ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર અને ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમે યુનાઈટેડ લૉ કૉલેજ, ઉવારસદ ખાતે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, લૉ કૉલેજનાં પ્રિન્સિપાલ મિલન ઉપાધ્યાય, ગ્રામ પંચાયતના સરપંચ તથા ડેપ્યુટી સરપંચ, પેરાલિગલ વૉલન્ટીયર અશેષ ભંડારી, સુધીર દેસાઈ, જયરામભાઈ સોની, રાજુભાઈ ગજ્જર, નટુભાઈ પટેલ, સુનિલ ભંડારી, વિમળાબેન અયાચી, પૅનલ ઍડવોકટ્સ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શંભુજી ઠાકોરે પોતાના વક્તવ્યમાં સરકારી યોજનાઓની વિસ્તૃત સમાજ સાથે હક્કો અને ફરજો પ્રત્યે હરહંમેશ જાગૃત રહેવા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો. લૉ કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા ઍમ્ફી થિયેટરમાં શેરી નાટક અને વાર્તાલાપના માધ્યમથી છેવાડાના લોકોને મફત કાનૂની સહાય કેવી રીતે પહોંચી શકે, તે સહાય મેળવવામાં લૉ કૉલેજનું કાનૂની સહાય કેન્દ્ર કેવી રીતે મદદરૂપ બની શકે તે બાબતે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

**ડાયરેક્ટ ❤ સે**

જો કટ ગઈ
વો તો ઉમ્ર થી
જીસે જી લિયા
ઉસે ઝિંદગી કહીયે

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૨૫, ૯.૪૫
**સ્ક્રીન-૩**
બાહુબલિ-૨
૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૧૨.૩૦, ૫.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(હિન્દી, ૩ડી)
૩.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૦.૦૦,
૫.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
સવારે ૧૧.૦૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# પુસ્તક એ સમયની ગંગોત્રી છે પુસ્તક એટલે ટેરવાંની પરિભાષા





ગાંધીનગર, તા. ૮

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં આત્મા હૉલ, અમદાવાદ ખાતે વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રા. પૂર્વી ઓઝાએ વિશ્વ પુસ્તક દિનની મહત્તા અને સમજણ આપી હતી. વિદેશી લેખક સર્ગી પૈમીસની અંગ્રેજીમાં લખાયેલી ટૂંકી વાર્તાના ગુજરાતી અનુવાદનું પ્રા. દક્ષા પટેલે પઠન કર્યું હતું.

લોકસાહિત્યના મર્મજ્ઞ, વિદ્વાન અને અભ્યાસી વક્તા વસંત ગઢવીએ પુસ્તકવાચનના મહિમા અને જોરાવરસિંહ જાદવે મને ગમતું પુસ્તક : સૌરાષ્ટ્રની રસધાર વિશે મનનીય વક્તવ્ય આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ૧૭ વર્ષીય તરૂણી વિશ્વા પંચોલીએ આ ઉજવણી દરમિયાન પુસ્તકની મહત્તા સમજાતાં પોતાના જન્મદિવસ નિમિત્તે પોતાની પૉકેટ મનીમાંથી ઓમ કૉમ્યુનિકેશનને ભાવપૂર્વક રૂપિયા ૧૦૦નું દાન આપ્યું હતું.

**પૂર્વી ઓઝા**

- પુસ્તક સમયની ગંગોત્રી છે. ૧૯૨૩માં સ્પેનિશ સાહિત્યકારોએ ૨૩મી એપ્રિલને પુસ્તક દિવસ તરીકે ઉજવવાનું શરૂ કર્યું હતું. જોગાનુજોગ આ દિવસ શૅક્સપિયરનો જન્મદિવસ અને નિર્વાણ દિવસ પણ છે.
- કીડીને ઝાંઝર પહેરાવવું એટલે સર્જનપ્રક્રિયા.
- પુસ્તક એટલે ટેરવાંની પરિભાષા.

**વસંત ગઢવી**

- પુસ્તક વ્યક્તિને પોતાના મૂળ સાથે જોડે છે.
- વાચન એ સ્વસ્થ સમાજ માટે અનિવાર્ય છે.

**જોરાવરસિંહ જાદવ**

- લોકસાહિત્ય એ સામાજિક ચેતનાનું મૂળ છે.
- મારું ગમતું પુસ્તક એટલે સૌરાષ્ટ્રની રસધાર. મારી સત્તાવન વર્ષથી ચાલી રહેલી સાહિત્યની સફર આ પુસ્તકથી ચાલુ થયેલી.

### કૈલાસ ગુરુકુલ, મહુવા ખાતે વિશ્વગ્રામ પ્રેરિત

# આઠમું સદ્‌ભાવના પર્વ ૧લી જૂનથી

**શરીફા વીજળીવાળા અને શબનમ વીરમાણી તથા સાથીઓને સદ્‌ભાવના ઍવોર્ડ અર્પણ કરવામાં આવશે : મોરારિબાપુ સમાપન વ્યાખ્યાન આપશે**

ગાંધીનગર, તા. ૮

વિશ્વગ્રામ સંસ્થા દ્વારા ૮મા સદ્‌ભાવના પર્વનું આયોજન આગામી તા. ૧થી ૩ જૂન દરમિયાન મહુવા ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંજયભાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે વિશ્વગ્રામની પહેલથી મે, ૨૦૦૮માં ગુજરાતના જુદાં-જુદાં ક્ષેત્રોના વિચારશીલ અને સંવેદનશીલ સાથીઓ ત્રણ દિવસ માટે મોરારિબાપુના સાંનિધ્યમાં મહુવામાં મળ્યા અને એ દરમિયાન અહિંસા-શાંતિ અને કોમી સંવાદિતા સંદર્ભે સહચિંતન કર્યું. ત્રણ દિવસની આ વિચારગોષ્ઠિ ખૂબ જ ફળદાયી અને ઉપયોગી રહી. એના નિચોડરૂપે 'સદ્‌ભાવના ફોરમ'ની રચના થઈ. સદ્‌ભાવના ફોરમ એ એક લચીલું ફોરમ છે કે જેનો મુખ્ય ઉદ્દેશ 'સમાજમાં સંવાદ દ્વારા સંવાદિતાનું વાતાવરણ' રચાય છે.

સદ્‌ભાવના ફોરમ એ સહિયારો પુરુષાર્થ છે. સદ્‌ભાવના પ્રસારનું કામ વધારે વિશાળ ફલક પર ગોઠવાય અને સમાજના વ્યાપક હિસ્સાને સ્પર્શી શકાય એ માટે દર વર્ષે સંસ્થા દ્વારા એક સદ્‌ભાવના પર્વનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમમાં આઠમું સદ્‌ભાવના પર્વ કૈલાસ ગુરુકુલ, મહુવા ખાતે યોજાઈ રહ્યું છે.

પર્વના પ્રથમ દિવસે તા. ૧ જૂનના રોજ પ્રથમ બેઠક બપોરે ૨.૦૦થી ૫.૩૦ દરમિયાન યોજાશે, જેમાં તુલા-સંજય દ્વારા પર્વ અને વિશ્વગ્રામની ભૂમિકા તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને લેખક આરિફ મોહમ્મદખાન ધર્મ અને સંવાદિતા વિષયે તથા સાહિત્યકાર, કર્મશીલ શરીફા વીજળીવાળા કલાજગત અને સંવાદિતા વિષયે વક્તવ્ય આપશે.

બીજી બેઠક રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ દરમિયાન યોજાશે, જેમાં ભાવિ કાર્યક્રમોના સ્વરૂપ અને આયોજન અંગે રતિલાલ બોરીસાગર, ડંકેશ ઓઝા, ગૌરાંગ દિવેટીયા તથા ઉમરભાઈ વોરા વક્તવ્ય આપશે.

પર્વના બીજા દિવસે પ્રથમ બેઠક સવારે ૯.૦૦થી ૧૨ દરમિયાન યોજાશે, જેમાં લોકશાહી મૂલ્યો અને સંવાદિતા વિષયે પત્રકાર, વિશ્લેષક સુધીન્દ્ર કુલકર્ણી તથા પૂર્વ નૌસેના અધ્યક્ષ, મેગ્સેસે ઍવોર્ડ વિજેતા શાંતિદૂત ઍડમિરલ રામદાસ પોતાના વિચારો રજૂ કરશે.

બીજી બેઠક બપોરે ૩.૩૦થી ૬.૩૦ દરમિયાન યોજાશે, જે અંતર્ગત પ્રસાર માધ્યમો અને સંવાદિતા વિષયે ખ્યાત પત્રકાર રવીશ કુમાર અને હરિ દેસાઈ પોતાના વિચારો વ્યક્ત કરશે. ત્રીજી બેઠક રાત્રે ૮.૩૦થી ૧૦.૦૦ દરમિયાન યોજાશે, જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કબીર ગાયક શબનમ વીરમાણી અને વિપુલ રીકી સંવાદ ગાન પ્રસ્તુત કરશે.

પર્વના ત્રીજા દિવસે ૩જી જૂનના રોજ અંતિમ બેઠક સવારે ૯.૦૦થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે, જેમાં આપણી વાત અંતર્ગત કાર્યકરો દ્વારા પ્રતિભાવ આપવામાં આવશે. આ જ બેઠક અંતર્ગત શરીફા વીજળીવાળાને ગુજરાત ક્ષેત્ર સંદર્ભે અને શબનમ વીરમાણી તથા સાથીઓને ભારત ક્ષેત્ર સંદર્ભે સદ્‌ભાવના ઍવોર્ડ અર્પણ કરવામાં આવશે. એ પછી સમાપન વ્યાખ્યાન મોરારિબાપુ દ્વારા આપવામાં આવશે.

આ સદ્‌ભાવના પર્વમાં જોડાવા માટે અગાઉથી નામની નોંધણી કરાવવી જરૂરી છે. નામ નોંધાવવા માટે મોબાઈલ નંબર ૯૪૨૬૩ ૮૮૨૩૪ અથવા ઈ-મેલ vishwagrambasna@gmail.com દ્વારા સંસ્થાનો સંપર્ક કરવા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# નિકિતા અને સૌમિલે ફિલ કર્યું કે, દીકરો રાહુલ પરિવારથી દૂર થતો જાય છે

**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

ઓફિસથી આવીને ફ્રેશ થઈને સૌમિલ ડ્રોઈંગ રૂમમાં ટી.વી. ઉપર સમાચાર જોવા બેઠો. રીમોટ ઉપર આંગળા ફેરવતો હતો ત્યાં નિકિતાએ ચાનો કપ સૌમિલને આપતાં કહ્યું, 'આપણો રાહુલ હમણાં હમણાંથી બહુ ખામોશ થઈ ગયો છે.'

'પરીક્ષા બરીક્ષા આવતી હશે; એટલે ઢીલો હશે યાર.' સૌમિલે ચા પીતા પીતા જવાબ આપ્યો.

'ના એવું નથી. કંઈક ગડબડ લાગે છે.' કહેતા નિકિતાએ ઉદાહરણો આપી તેની વાતને થોડી વધારે મજબુતાઈ આપી.

દીકરા રાહુલ માટેની નિકિતાએ કરેલી ચિંતાસભર વાતની સૌમિલ ઉપર અસર થઈ. એણે રાહુલની વર્તણૂંક ઓબ્ઝર્વ કરવા માંડી. એકાદ સપ્તાહમાં નિકિતાના તારતમ્ય સાથે સૌમિલ કનવિન્સ થઈ ગયો. દીકરો રાહુલ એમનાથી દૂર જઈ રહ્યો છે, એવું એને પણ સ્પષ્ટ લાગ્યું. સૌમિલ વિચારોના વમળમાં ડૂબવા લાગ્યો. હજુ એકાદ બે વર્ષ પહેલાં સ્કૂલમાં હતો ત્યારે તો રાહુલ હંમેશા એમની આગળ-પાછળ ફરતો રહેતો. સતત બડબડ કરીને નાની-નાની વાત પણ કહેતો. રાહુલ કોલેજમાં જતાં છેલ્લા એકાદ વર્ષથી ખામોશ થઈ ગયો છે. પહેલા તો નાની અમથી વાત પણ જ્યાં સુધી સાંભળીએ નહીં ત્યાં સુધી બે-ચાર વાર લવારા કરે જતો. રાહુલને અચાનક શું થયું છે ? આ પરિવર્તન ઉંમરનું છે કે પછી કંઈક બીજું છે ? જે કોઈ કારણ હોય, પણ આ પ્રકારના દીકરા રાહુલના ખામોશ વલણે સૌમિલ અને નિકીતાને વિચાર કરતા ચોક્કસ કરી મૂક્યા.



સૌમિલ અને નિકિતા રાહુલને સતત નાની નાની વાતોમાં ટપારતાં. દિવસે દિવસે મોટા થતા રાહુલને ક્રોધ કે દંડના માપથી એની દરેક વર્તણૂંકને તોલતા અને બોલતા - વઢતા રહ્યા. સૌમિલ, નિકીતા અને દીકરા રાહુલની આ કહાની જેવી કહાની ઉચ્ચ અને મધ્યમ વર્ગના લગભગ ઘણાખરા પરિવારોની છે. ઘેર ઘેર આવા પ્રશ્નો સર્જાતા હોય છે. પછી કાઉન્સિલર પાસે જઈ સમસ્યાના સમાધાનો ખોજવાની દોડધામ થતી હોય છે.

ઘર-ઘરની આ વિટંબણાના પાયામાં મુળતઃ 'અસ્વીકાર' હોય છે. 'સેન્સ ઓફ રીજેકશન' ખુબ મોટી ખાના ખરાબી સર્જતી હોય છે. પ્રત્યેક બાળકને નાનુ હોય ત્યારે દરેક વાત પરિવારમાં આવીને મમ્મી-પપ્પાને ન કહે ત્યાં સુધી એને ચેન નથી પડતું. સ્કૂલમાં આમ થયું, સ્કૂલ બસનાં ડ્રાયવર કાકાએ તેમ કર્યું વગેરે વગેરે વાતો કરતા એનું પેટ ક્યારેય ન ભરાય. બાળકની આ વાતચીતનો જાણે અજાણે સાંભળ્યું ન સાંભળ્યુંનો અંદાજ કે પછી મા-બાપનો સતત બેફિકરો એટીટ્યુડ ' ટર્નિંગ પોઈન્ટ' બનતો જાય છે.

જ્યારે બાળકથી કોઈ ભૂલ થાય ત્યારે એની સામેનો ક્રોધ અને નકારાત્મક અભિગમ એને અન્ય માર્ગે જવા પ્રેરે છે. કોઈ વાતની તરત અસંમતિ અને અપમાન બાળમાનસને વિપરીત દિશામાં ધકેલવા માટે પૂરતા છે. દીકરો કે દીકરી નાના હોય ત્યારે મા-બાપની નાની અમથી વાત કરવા માટે પણ એમની આગળ પાછળ ફરતા હોય છે. એ જ બાળકો મોટા થાય ત્યારે એની સાથે વાત કરવા મા-બાપ એની આગળ પાછળ કેમ ફરતા થઈ જાય છે ? કારણ તદ્દન સીધુ છે. જ્યારે બાળક માટે તમે જ સૌથી અગત્યના વ્યક્તિ હતા અને વાત કરવા માટે એ સતત તમારી અપેક્ષા રાખતુ હતુ ત્યારે તમે એને ઈગ્નોર કર્યું છે. એ સમયે તમારી પ્રાયોરિટી કદાચ અલગ હતી. દુનિયાના પ્રત્યેક વ્યક્તિને ત્રણ 'સ' હરહંમેશ વહાલા હોય. સન્માન, સ્વીકાર અને સંમતિ. જ્યારે પણ કોઈ ભુલ કે ખોટું કાર્ય થાય ત્યારે બાળકના સન્માનને ઠેસ પહોંચે. એની કોઈ વાતનો સ્વીકાર ન થાય. અને એની રજુઆત સતત અસંમતિથી પાછે ઠેલાય ત્યારે 'સેન્સ ઓફ રીજેકશન' બંડ પોકારવા મજબુર બને. રીજેકશનની માત્રા જેમ જેમ વધતી જાય એમ એમ બાળકનું પરિવારથી અંતર વધતું જાય. જ્યારે પરિવારમાંથી સન્માન, સ્વીકાર અને સંમતિ નથી મળતી ત્યારે જ બાળક બહારથી દોસ્તો, અજાણ્યા લોકો જ્યાં પણ એને સન્માન મળે, એની વાતનો સ્વીકાર થાય અને એના કાર્યને સંમતિ મળે ત્યાં સ્વાભાવિક રીતે જ વધારે ઢળવા લાગે. પરિવારના પ્રેમમહેલમાં ત્રીજા વ્યક્તિનો પ્રવેશ જ આ રીતે થતો હોય છે.

બાળકની કોઈ પણ વાત કે પ્રવૃત્તિની ટીકા, ધુતકાર અને એને અંકુશમાં રાખવાના દંડકીય ઉપચારો આ ત્રણ પરિબળો ભયાનક છે. જ્યારે પણ કોઈ એવી અણછાજતી માંગણી કે ભૂલનો કિસ્સો બને ત્યારે બાળકને એમ કેમ ન કહી શકાય કે, 'બેટા, હું તારી ઉંમરનો હતો ત્યારે મેં પણ આમ જ કર્યું હતું. તું ખોટો નથી તારી ઉંમરમાં આવું થવું સહજ છે. તારો કોઈ વાંક નથી વાંક તો એ બાબતનો છે.' આ પ્રકારનું તમારું વલણ બાળકને તમે રસ ધરાવતું મુખ્ય પાત્ર છો એવો સદાય અહેસાસ કરાવે છે. પરંતુ આપણે વર્તન કરીએ છીએ તદ્દન જુદુ. એક દિવસ એક ભાઈને એના મિત્રનો દીકરો આવીને કહે 'અંકલ મારાથી આ ગંભીર ભૂલ થઈ ગઈ ત્યારે એ મિત્રએ કહ્યું 'ઈટ્સ ઓકે બેટા. ડોન્ટ વરી આવું તો થાય.' પેલા મિત્રના દીકરાને બળ મળ્યું અને એ વધુ તાકાતથી સમસ્યા સામે લડવા સક્ષમ બન્યો. પરંતુ આ જ ભુલ મિત્રને એના પોતાના દીકરાએ વર્ણવી હોય તો એ શું કહેત ? તું તો કપાતર છે, તારી પાસે આવી અપેક્ષા ન હતી, તે તો મારું નામ બોળ્યું વગેરે વગેરે.. બીજાના બાળકોની ભૂલ માટે આપણે 'નોન જજમેન્ટલ' હોઈએ છીએ. અને પોતાના સંતાનો સાથે હંમેશા ' ઓફેન્સીવ, પઝેસીવ અને જજમેન્ટલ' વર્તણૂંક હોવાથી સમસ્યા સર્જાય છે. શા માટે પોતાના બાળકને સહજતાથી એમ ન કહેવાય, "ઈટ્સ ઓકે બેટા. ઈટ હેપન્સ ઈન લાઈફ..."

કોઈ ભૂલ થાય ત્યારે તરત ઉતારી પાડવાની જગ્યાએ ભૂલ સામે સંવેદના બતાવવાથી સાચા પરિણામો સાંપડે. આપણે બિલકુલ ઊંધું કરીએ છીએ જેટલી મોટી ભૂલ એટલો મોટો ઠપકો આપીએ છીએ. પરિણામે ધીમે ધીમે બાળક વાત કરવાનું જ છોડી દે. એટલે મા-બાપ સમજે કે એની કુટેવ સુધરી ગઈ. ના, એવું હરગીઝ હોતું નથી. એણે માત્ર વાત કરવાની છોડી છે તમને જાણકારી નથી. કુટેવ છૂટી નથી. જ્યારે કોઈ પડે તો સૌથી પહેલા એને ઊભો કરવા ટેકો આપીએ પછી એને જ્યાં વાગ્યું હોય ત્યાં મલમ લગાવીએ પછી બે શબ્દ માર્ગદર્શનના કહીએ કે, ભાઈ નવો રસ્તો હોય ત્યાં થોડું જાળવીને ધીમે પસાર થઈએ. તો તેની બરાબર અસર થાય. પરંતુ સામાન્ય રીતે આપણે જ્યાં વાગ્યું હોય ત્યાં સોટીઓ મારીએ છીએ. ફિઝીકલ પેઈનમાં જેમ સલાહ કામ નથી કરતી મલમ કામ કરે છે એમ મેન્ટલ પેઈનમાં પણ ઠપકો કે ટીકાની કે સલાહની જરૂર નથી, સહકાર અને ઈમોશન જ અદભૂત કામ કરે છે.

પોતાના બાળકને જે સમયે કહેવાની જરૂર હોય કે, 'આ તો તારી ઉંમરનો વાંક છે, ભૂલ તો થાય ચિંતા નકરીશ હું તારી સાથે છું. આમ કહેવાની જગ્યાએ જો ક્રોધ કે ટીકા-ઉપહાસ થયો તો એનો સૌથી મોટો ખમિયાજો ભોગવા તૈયાર રહેવું પડે. જે કહેવાનું છે એ ન કીધું અને ન કહેવાનુ કીધું તો, જીવનમાં આપણું સૌથી પ્રિય પાત્ર આપણાંથી દૂર હડસેલાતુ જોવાનું દર્દ ખમવાની પીચ જાતે તૈયાર થઈ રહી છે એમ સમજી લેવું પડે.

એક ભાઈ એના યુવાન દીકરા પાસે તેમના પેન્ટ-શર્ટ ખરીદવાથી માંડીને ફ્લેટ કે કારની ખરીદી માટે પણ સલાહ લેતા હતા. આ પરિવારમાં પ્રતિદિન સવારે ચા-નાસ્તા દરમિયાન અડધો કલાક દીકરો અને મા-બાપ સૌ સાથે બેસી ચા પીતા ખુલ્લા દિલે તમામ વાતોની નિખાલસપણે ચર્ચા કરે છે. આ પરિવારમાં પિતા પુત્ર વચ્ચે સરસ મૈત્રી છે. માતા પુત્રની બેસ્ટ ગર્લ ફ્રેન્ડ છે. પરિવારના કોઈ પણ પહાડ જેવડા મોટા પ્રશ્નો રાઈના દાણા જેવા થઈ જાય છે. પારિવારિક જીવનની સુગંધ સંવાદમાં છે. જ્યાં સંવાદમાં સન્માન, સ્વીકાર અને સંમતિની સરવાણી વહેતી હોય ત્યાં સુખ અને સમૃદ્ધિની શાતા હોય.

**ધબકાર**

માણસની સૌથી મોટી શક્તિ એનો પરિવાર છે.